# બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફને નિવૃતિને વખતે નકારાયેલી જમા રહેલી પ્રાપ્ત રજાનું રોકડમાં ચૂકવણું કરવા બાબત અને તે માટેની ગ્રાન્ટ માન્ય રાખવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
૫, સરદાર ભવન, ૭ મો માળ, નવ સચિવાલય, ગાંધીનગર તા.૨૨–૮– ૮૮

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,
જૂના સચિવાલય, ગાંધીનગર

ઉપરોકત વિષય અંગેના આપના તા. ૧૬–૮–૮૮ ના ય.સ. પત્ર ક્રમાંક : અનુ. ૧–૫–૯૯૩૭ ના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ના વિનિમય ૩૦ (૭) મુજબ બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને શાળાના હિતમાં રજા દરમિયાન કામગીરી માટે ફરજ પડી હોય તો તેમને તેમ બજાવેલ કામગીરીના દિવસો જેટલી એક વર્ષમાં વધુમાં વધુ ૩૦ દિવસની મર્યાદામાં પ્રાપ્ત રજા મળવાપાત્ર છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિમયો, ૧૯૭૪ ના વિનિમય ૩૧(૨) મુજબ કોઈપણ કર્મચારીની તેને ખાતે જમા રહેલી રજા તેની નિવૃતિની તારીખે રદ થાય છે પરંતુ નિવૃતિ પહેલાં પૂરતાં સમયમાં તેમણે રજા માટે વિધિસર અરજી કરી હોય અને શાળાના હિતમાં તેમની રજા નકારવામાં આવી હોય તો આવી નકરાયેલી વધુમાં વધુ ચાર મહિનાની મુદત સુધીન રજાઓ નિવૃતિ વય પછી મંજૂર કરી શકાય તેવી જોગવાઈ છે.

૨. બિનસરકારી માધ્યમિક શાળાઓના સ્ટાફની રજા મંજૂર કરવાની સતા શાળાના સંચાલક મંડળને છે. પરંતુ નિવૃતિવય પછી રજા મંજૂર કરવી તે બીજા અર્થમાં પુનઃ નિયુકિત જ કહેવાય. તે જો આવી રજાઓ મંજૂર કરી શકાય નહિ. જો કર્મચારીની નિવૃતિ બાદ સંચાલક મંડળ આવ રજા મંજૂર કરે તો તેનો પગાર સંચાલકમંડળે ચૂકવવાનો થાય અને તેનાં પર ગ્રાન્ટ પણ મળી શકે નહી. કારણ કે સંચાલકમંડળ જે તે શૈક્ષણિક કર્મચારી જયારે રજાની માગણી કરે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરીને રજા મંજૂર કરે તો નિવૃતિ સમય પહેલાં મંજૂર કરેલ રજાનો પગાર ગ્રાન્ટને પાત્ર રહી શકે, પરંતુ નિર્વતિ બાદ જો રજા મંજૂર કરવામાં આવે તો તે રજાનો પગાર સંચાલક મંડળે જ ચૂકવવાનો થાય, આમ ગ્રાન્ટ–ઈન–એઈડ કોડની કલમ–૮૧ મુજબ ફરીથી નોકરીમાં લેવાયેલી વ્યકિતઓ ખાતા ધ્વારા નિયત થયેલા પગાર ધોરણ અને ભથ્થાં માટે હકકદાર રહે નહિ.

**(સહી) એમ.સી. વાઘેલા**
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ